### રાજ્યમાં ગુનાની તપાસ માટે

# એફ.આર.એસ. નો ઉપયોગ કરવાની પહેલ વડોદરા શહેર પોલીસ દળ કરશે

વડોદરા તા.૦૩

રાજ્ય સરકારના સહયોગ થી અને કાર્ય પધ્ધતિ ની અસરકારકતા વધારવા નવીનતમ ટેકનોલોજી નો વિનિયોગ કરીને વડોદરા શહેર પોલીસ દળનું અધ્યતનીકરણ કરવાની પ્રક્રિયા સતત ચાલી રહી છે.તેના પરિણામે વડોદરા શહેર પોલીસ દળ ગુનેગારોને શોધવામાં નિર્ણાયક ગણી શકાય તેવી ફેશિયલ રેકગનીસન સિસ્ટમ એટલે કે એફ.આર.એસ.નો ઉપયોગ કરવાની રાજ્યમાં પહેલ કરશે.તેવી જ રીતે હાલના સ્માર્ટ સિટી સીસી ટીવી કેમેરા નેટવર્કમાં વધુ ૪૦૭ નવ સ્થાપિત સીસી ટીવી કેમેરા જોડવામાં આવશે જેથી આ ત્રિનેત્ર દ્વારા શહેરની નિગરાની કરવાની વ્યવસ્થા વધુ વ્યાપક બનશે.શહેર પોલીસ દળ દ્વારા આ બંને નવીન આયામોનું શનિવારે પ્રાયોગિક પરીક્ષણ કરવામાં આવ્યું હતું અને તેમાં સફળતા મળી છે.

શહેર પોલીસ દળની એક યાદીમાં જણાવ્યા પ્રમાણે શહેરની વિવિધ વ્યૂહાત્મક જગ્યાઓએ નવ સ્થાપિત ૪૦૭ સીસી ટીવી કેમેરા હાલના સ્માર્ટ સિટી સીસી ટીવી કેમેરા નેટવર્ક સાથે ટુંક સમયમાં જોડી દેવામાં આવશે.તેના પગલે શહેર પોલીસ દળ અંદાજે ૧૧૦૦ થી વધુ સીસી ટીવી કેમેરા દ્વારા શહેર માં થતી ગતિવિધિઓ થી વાકેફ રહી શકશે અને નેટવર્કનું આ વિસ્તરણ ગુના નિવારણ અને ગુના શોધનમાં ખૂબ ઉપયોગી બની રહેવાની સાથે શહેરને વધુ સલામત અને સુરક્ષિત બનાવવામાં યોગદાન આપશે.

તે જ રીતે શહેર પોલીસ દળના ટેકનોલોજી આધારિત નવીનીકરણ ના ભાગરૂપે રાજ્યમાં પ્રથમવાર વડોદરા શહેર પોલીસ દળ દ્વારા ચહેરા ના ડેટા બેઝની મદદ થી શહેરમાં ફરતા ગુનેગારોની ત્વરિત ઓળખ કરી એમનું પગેરું મેળવવાની આધુનિક ફેશિયલ રેકગનીશન સિસ્ટમ જે એફ.આર. એસ.ના ટુંકા નામ થી ઓળખાય છે, એ સ્થાપિત કરવામાં આવી રહી છે.તેના પરીક્ષણમાં સફળતા મળી છે.આ સિસ્ટમ કાયદાના પ્રવર્તનમાં ખૂબ જ પ્રોત્સાહક બની રહેશે.

# ડોનાલ્ડ ટ્રમ્પ સાથે મીટિંગ બાદ માઈક્રોસોફ્ટે કહ્યુ : ટિકટોક ખરીદવા વાટાઘાટો ચાલુ

વોશિંગટન,તા.૦૩

ભારતમાં સુરક્ષાના કારણોસર ટિકટોક પર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે. જ્યારે અમેરિકામાં પણ ટિકટોક પર પ્રતિબંધની શક્યતાઓ જોવાઈ રહી છે. આ વચ્ચે માઈક્રોસોફ્ટ અમેરિકામાં ટિકટોકને ખરીદી શકે તેવી સંભાવનાઓ છે. માઈક્રોસોફ્ટે રવિવારે ડોનાલ્ડ ટ્રમ્પ સાથેની બાદ બાદ કહ્યું કે, ટિકટોકના અમેરિકી ઓપરેશનને ખરીદવા માટે વાટાઘાટો ચાલુ છે. માઈક્રોસોફ્ટે એક નિવેદનમાં જણાવ્યું કે, માઈક્રોસોફ્ટના સીઈઓ સત્યા નડેલા અને રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની વચ્ચે વાતચીત બાદ, માઈક્રોસોફ્ટ અમેરિકામાં ટિકટોકની ખરીદી માટે ચર્ચા ચાલુ રાખવા માટે તૈયાર છે. ટ્રમ્પે રાષ્ટ્રીય સુરક્ષાની ચિંતા વ્યક્ત કરતાં અમેરિકામાં ટિકટોક બંધ કરવાની ધમકી આપી છે, અને રાજ્યોના સચિવ માઈક પોમ્પિઓએ પણ કહ્યું હતું કે,

રાષ્ટ્રપતિ ટિકટોકની સામે કડક કાર્યવાહીની ઘોષણા કરવા માટે તૈયાર છે. માઈક પોમ્પિઓએ એક ન્યુઝ ચેનલમાં જણાવ્યું હતું કે, રાષ્ટ્રપતિ ટ્રમ્પે કહ્યું છે કે, બહું થયું, અને અમે તેને ઠીક કરવા જઈ રહ્યા છીએ. અને આગળ પોમ્પિઓએ કહ્યું કે, આવનાર દિવસોમાં રાષ્ટ્રીય સુરક્ષાના જોખમને લઈ કાર્યવાહી કરશે જે ચીની કોમ્યુનિસ્ટ પાર્ટીથી જોડાયેલ સોફ્ટવેર ટિકટોક દ્વારા ઉભું થયું છે.

આ અગાઉ મીડિયા રિપોર્ટે સલાહ આપી હતી કે, ટ્રમ્પ એપના અમેરિકી ઓપરેશનને તેના ચીની માલિક બાઈટડાન્સથી અલગ કરી શકે છે. પણ પછી ટ્રમ્પની ધમકી બાદ સમાચાર આવ્યા હતા કે માઈક્રોસોફ્ટે હાલ વાટાઘાટો બંધ કરી છે.

# દાહોદ પોલીટેકનીક હોસ્ટેલમાં ૧૨૦ બેડની કોવિડ કેર સેન્ટર કાર્યરત કરાયુ

દાહોદ,તા.૦૩

દાહોદ શહેરના ઝાલોદ રોડ સ્થિત સરકારી પોલીટેકનિક હોસ્ટેલમાં ૧૨૦ પથારીની સુવિધા ધરાવતું કોવિડ કેર સેન્ટર જિલ્લા તંત્ર દ્વારા કાર્યરત કરવામાં આવ્યું છે. જિલ્લા તંત્ર દ્વારા કાર્યરત કરવામાં આવેલા કોવિડ કેર સેન્ટરમાં કેટલાક દર્દીઓને શિફ્ટ કરવામાં આવ્યાં છે. દાહોદમાં કોરોના વાઈરસના કેસોમાં થયેલા ચિંતાજનક વધારાને ધ્યાને રાખી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પૂર્વાજયોન પ્રમાણે ક્રમાનુસાર કોવિડ કેસ સેન્ટર કાર્યરત કરવામાં આવી રહ્યાં છે.

પ્રથમ ટેકનિકલ હાઈસ્કૂલ અને બાદમાં સરકારી ઈજનેરી કોલેજમાં ૧૨૦ બેડના કોવિડ કેર સેન્ટર કોરોના દર્દીઓની સંભાળમાં કાર્યરત છે. હવે સરકારી પોલીટેકનિક હોસ્ટેલમાં પણ સીસીસી કાર્યરત કરવામાં આવ્યું છે. દાહોદ પોલીટેકનિક હોસ્ટેલમાં ૧૨૦ બેડની કોવિડ કેર સેન્ટર કાર્યરતઆ અંગે જિલ્લા સમાહર્તા વિજય ખરાડીએ જણાવ્યું કે, દાહોદના ખરેડી સ્થિત મોડેલ સ્કૂલમાં પણ આવું સેન્ટર બનાવવામાં આવ્યું છે. માર્ગ અને મકાન વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર વિજય ભાભોરે કહ્યું કે,પોલીટેકનિક હોસ્ટેલના ૪૦ રૂમમાં ૧૨૦ બેડની વ્યવસ્થા કરવામાં આવી છે. એક રૂમમાં ત્રણ પલંગ ઉપરાંત દૈનિક વપરાશની વસ્તુઓની સુવિધા પણ ત્યાં આપવામાં આવી છે. અહીં આરોગ્ય વિભાગની ટીમ પણ સતત કાર્યરત રહેશે. જે દર્દીઓની સંભાળ લેશે અને જરૂરિયાત મુજબની દવા દર્દીઓને આપશે.

### સુશાંત કેસના મામલે બિહાર અને મુંબઈ પોલીસ આમને સામને

# સુશાંત કેસમાં બિહાર પોલીસને તપાસ કરવાનો કોઈ જ અધિકાર નથી : મુંબઈ પો. કમિશ્નર

મુંબઈ,તા.૦૩

બોલીવુડના કલાકાર સુશાંતસિંહ રાજપૂતની આત્મહત્યા કે હત્યા તે મામલે ચાલી રહેલી તપાસમાં સુશાંતના પિતા એ કે સિંગ દ્વારા પટનામાં નોંધાયેલી એફઆઈઆરની તપાસ કરવા બિહાર પોલીસ ની એક ટીમ મુંબઈ પહોંચી ત્યારે મુંબઈ પોલીસે બિહારના આઈપીએસ અને ટીમ લીડર વિનય કુમાર તિવારીને ફરજીયાત ક્વોરન્ટીન કરી દેતા બે રાજ્યોની પોલીસ અમને સામને આવી ગઈ છે. બિહારના પોલીસ અધિકારી તોમરના હાથ ઉપર ક્વોરન્ટીન સિક્કો દર્શાવતી વિડીઓ વાયરલ થઈ છે અને બિહારના પોલીસ વડાઈ મુંબઈ પોલીસનો ખુલાસો માંગ્યો છે. સુશાંત સિંહ રાજપૂત આત્મહત્યા કેસમાં ધીમે-ધીમે નવા ટ્વિસ્ટ અને ટર્ન આવી રહ્યા છે. આ કેસમાં મહારાષ્ટ્ર પોલીસ અને બિહાર પોલીસ વચ્ચે ખેચતાણ પણ દેખાઈ રહી છે. તપાસમાં રવિવારે મુંબઈ પહોંચેલા પટનાનાં એસપી વિનય કુમાર તિવારીને બીએમસીએ ક્વોરન્ટીન કર્યા છે. તેમના હાથમાં ક્વોરન્ટીનો સિક્કો લાગ્યા પછી નેક્સ્ટ આદેશ સુધી ઘરમાં જ રહેવાની સલાહ આપવામાં આવી છે. આનો અર્થ એ છે કે, તેઓ તપાસ માટે કોઈને મળી નહિ શકે.

બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમારે કહ્યું કે, 'આ યોગ્ય થયું નથી. બિહાર પોલીસ માત્ર તેનું કામ કરી રહી છે. તેને રાજકારણ સાથે ન જોડવું જોઈએ. બિહારના ડીજીપી ગુપ્તેશ્વર પાંડેએ ટ્વીટ કર્યું કે, આઈપીએસ અધિકારી વિનય તિવારી આજે પોલીસ ટીમનું નેતૃત્વ કરવા માટે પટનાથી મુંબઈ આવ્યા પરંતુ રાતે ૧૧ વાગ્યે બીએમસીએ તેમને જબરદસ્તીક્વોરન્ટીન કર્યા છે. અમારા કહેવા છતાં તેમની આઈપીએસ મેસમાં રહેવાની વ્યવસ્થા કરી નથી અને હાલ તેમને ગોરેગાવનાં ગેસ્ટ હાઉસમાં રાખ્યા છે. સુશાંત સિંહ રાજપૂત આપઘાત કેસમાં રોજે રોજ નવા નવા વળાંકો આવી રહ્યા છે. બિહારમાં થયેલ સુશાંતના પિતાની ફરિયાદને લઈને બિહાર પોલીસ સુશાંત કેસમાં તપાસ કરવા માટે મુંબઈ આવી છે. જોકે, સમગ્ર ઘટનાક્રમ વચ્ચે મુંબઈ પોલીસ કમિશનરનું ચોંકાવનારું નિવેદન સામે આવ્યું છે. મુંબઈ પોલીસ કમિશનરે નિવેદન કરતા જણાવ્યું છે કે સુશાંત સિંહ રાજપૂત આપઘાત કેસમાં બિહાર પોલીસને તપાસ કરવાનો કોઈ જ અધિકાર નથી.

અમે આ મુદ્દે કાનૂની સલાહ લઇ રહ્યા છીએ. અમે અત્યાર સુધીમાં કોઈને ક્લીન ચિટ નથી આપી. આ કેસમાં મહારાષ્ટ્ર પોલીસ અને બિહાર પોલીસ વચ્ચે ખેચતાણ પણ દેખાઈ રહી છે. મુંબઈ પોલીસ કમિશનરે જણાવ્યું છે કે અમારી પાસે કોઈને કોરન્ટાઇન કરવાનો અધિકાર નથી. આ બીએમસીનો મુદ્દો છે. સુશાંતના પરિવારે ૧૬ જૂનના પોતાના નિવેદનમાં જણાવ્યું હતું કે આ મામલે તેમને કોઈના પર શંકા નથી. આ પહેલા, સુશાંત સિંહ રાજપૂત આત્મહત્યા કેસમાં તપાસ કરવા રવિવારે મુંબઈ પહોંચેલા પટનાનાં એસપી વિનય કુમાર તિવારીને બીએમસીએ ક્વોરન્ટીન કર્યા હતા. જેના પગલે બિહારના પ્રધાન સંજય ઝાએ મુંબઈ તંત્ર સામે આકરા પ્રહાર કર્યા છે અને કહ્યું કે એસીપી તિવારીને ક્વોરેન્ટાઈન કરવા એ ગેરવ્યાજબી છે. બિહારની પોલીસ આટલા દિવસથી તપાસ કરી રહી છે તેમ છતાં તેમને ક્વોરેન્ટાઇન નથી કરાયા તો એસપી તિવારીને કેમ ક્વોરેન્ટાઈન કરાયા. આની પાછળ જરૂર કૈંક રંધાઈ રહ્યું છે.

# પી ચિંદમ્બરમના પુત્ર કાર્તિનો કોરોના રિપોર્ટ આવ્યો પોઝિટિવ : હોમ કવોરન્ટાઇન

ન્યુ દિલ્હી,તા.૦૩

કોરોના વાયરસ ભારતમાં ખતરનાક રીતે આગળ વધી રહ્યો છે. ગત ૨૪ કલાકની અંદર કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ સમેત અનેક મોટા નેતા કોરોના સંક્રમિત મળી આવ્યા છે. જેમાં હવે કોંગ્રેસના દિગ્ગજ નેતા પી.ચિદમ્બરમના પુત્ર કાર્તિ ચિદમ્બરમનું નામ પણ જોડાયું છે. કાર્તિ ચિદમ્બરમાં પોતાના કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યાની જાણકારી ટ્વિટ કરીને આપી હતી. સાથે જ તેમણે જણાવ્યું હતું કે તે હાલ હોમ ક્વૉરન્ટીન છે. અને તેમના સંપર્કમાં આવેલા તમામ લોકો પણ પોતાનો કોરોના ટેસ્ટ કરાવે. અમિત શાહ સાથે કર્ણાટકના મુખ્યમંત્રી બી.એસ. યેદિયુરપ્પા અને તમિલનાડુના રાજ્યપાલ બનવારીલાલ પુરોહિત પણ રવિવારે કોરોના પોઝિટિવ મળ્યા.

સાથે જ ઉત્તર પ્રદેશના ભાજપ અધ્યક્ષ સ્વતંત્ર સિંહ દેવનો પણ કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. આ ઉપરાંત ઉત્તર પ્રદેશના કેબિનેટ મંત્રી કમલા રાનીનું કોરોના વાયરસના સંક્રમણથી નિધન થયું છે. ૫૫ વર્ષીય અમિત શાહે પોતાના ટ્વિટર હેન્ડલ પરથી જાણકારી આપી હતી કે તપાસમાં તેમનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. સાથે જ તેમણે કહ્યું કે મારી તબિયત ઠીક છે અને ડૉક્ટરોની સલાહ પર હું હોસ્પિટલમાં દાખલ થઇ રહ્યો છું.ભાજપના અધ્યક્ષ જેપી નડ્ડા, કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી, દ્રમુક અધ્યક્ષ એમ કે સ્ટાલિન, દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સમેત પશ્ચિમ બંગાળની મુખ્યમંત્રી મમતા બેનર્જી સમેત અનેક મોટા નેતાઓએ તેમને જલ્દી જ સ્વસ્થ થવાની શુભેચ્છા કરી હતી.

બીજી તરફ સંક્રમિત થયા પછી કર્ણાટકના સીએમ યેદિયુરપ્પાએ પણ કહ્યું કે તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. અને તેમની તબિયત ઠીક છે. ઉત્તર પ્રદેશના ટેકનિકલ શિક્ષા મંત્રી કમલ રાનીનું બીજી તરફ રવિવારે કોવિડના કારણે હોસ્પિટલમાં નિધન થયું છે.

# ભારતમાં કોરોનાની રસીના બીજા-ત્રીજા તબક્કાના હ્યૂમન ટ્રાયલને મળી મંજુરી

ન્યુ દિલ્હી,તા.૦૩

ડીજીસીઆઈ એ ઓક્સફોર્ડ યુનિવર્સિટી દ્વારા વિકસિત કોરોના વાયરસની રસીના દેશમાં બીજા અને ત્રીજા તબક્કાના હ્યુમન ટ્રાયલ માટે સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાને મંજૂરી આપી દીધી છે. સરકારી અધિકારીઓએ કહ્યું કે સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાએ મંજૂરી ઔષધિ મહાનિયંત્રક ડૉ.વી.જી.સોમાનીએ રવિવાર મોડી રાત્રે આપી દીધી. આની પહેલાં તેમણે કોવિડ-૧૯ના વિષય વિશેષજ્ઞ સમિતિની અનુશંસાઓ પર ઊંડાણપૂર્વક વિચાર વિમર્શ કર્યો. એક વરિષ્ઠ અધિકારીએ કહ્યું કે કંપનીને ત્રીજા તબક્કાના ક્લિનિકલ ટ્રાયલ પહેલાં જ સુરક્ષા સંબંધિત ડેટા સીડીએસસીઓ પાસે જમા કરાવો પડશે જેનું મૂલ્યાંકન ડેટા સુરક્ષા મોનીટરીંગ બોર્ડએ કર્યુ છે.

તેમણે માહિતી આપી કે આ રિસર્ચની રૂપરેખાના મતે રિસર્ચમાં સામેલ દરેક વ્યક્તિને ચાર સપ્તાહની અંદર બે ડોઝ અપાશે મતલબ પહેલા ડોઝના ૨૯મા દિવસે બીજો ડોઝ અપાશે. ત્યારબાદ નક્કી અંતરાલ પર સુરક્ષા અને પ્રતિરક્ષાજનત્વની આકરણી થશે. અધિકારીઓએ કહ્યું કે સીડીએસસીઓની નિષ્ણાત પેનલે પહેલાં અને બીજા તબક્કાનું પરીક્ષણ મળતા ડેટા પર ઊંડાણપૂર્વક વિચાર-વિમર્શ કર્યા બાદ 'કોવિશિલ્ડ'ના ભારતમાં સ્વસ્થ વયસ્કો પર બીજા અને ત્રીજા શિલ્ડના પરીક્ષણની મંજૂરી આપી. ઓક્સફોર્ડ દ્વારા વિકસિત આ રસીનું બીજા અને ત્રીજા તબક્કાનું પરીક્ષણ અત્યારે બ્રિટનમાં ચાલી રહ્યું છે.

ત્રીજા તબક્કાનું પરીક્ષણ બ્રાઝીલમાં અને પહેલાં અને બીજા તબક્કાનું પરીક્ષણ દક્ષિણ આફ્રિકામાં ચાલી રહ્યું છે. બીજા અને ત્રીજા તબક્કાના પરીક્ષણ માટે સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાની અરજી પર વિચાર કર્યા બાદ એસઈસી એ ૨૮ જુલાઈના રોજ આ સંબંધમાં બીજી માહિતી માંગી હતી તથા પ્રોટોકોલમાં સંશોધન કરવાનું કહ્યું હતું. એસઆઈઆઈ એ સંશોધિત પ્રસ્તાવ બુધવારના રોજ જમા કરાવી દીધો. પેનલે એ પણ ભલામણ કરી કે ક્લિનિકલ ટ્રાયલ માટે સ્થળોની પસંદગી આખા દેશમાંથી કરાય.

# નાસાએ અંતરિક્ષ યાત્રી સાથેની સ્પેસ એક્સ કેપ્સ્યૂલનું ૪૫ વર્ષ બાદ સફળ લેન્ડીંગ

મેક્સિકો,તા.૦૩

યુએસના બે અવકાશયાત્રીઓ યુએસ સ્પેસ એજન્સી સ્પેસએક્સની ડ્રેગન કેપ્સ્યુલમાં સવાર થયા હતા અને રવિવારે મોડી રાત્રે મેક્સિકોના અખાતમાં સલામત ઉતરાણ કર્યું હતું. નાસાએ તેના ૪૫ વર્ષના ઈતિહાસમાં પ્રથમ વખત કોઈ અવકાશયાત્રીને સીધા સમુદ્રમાં ઉતાર્યા છે. નાસા અને સ્પેસએક્સએ પણ ઈવેન્ટનું લાઈવ ટેલિકાસ્ટ કર્યું હતું. જેને દેશ-દુનિયાના લાખો લોકોએ જોયું. પરીક્ષણ ફ્લાઇટના પાઇલટ ડાઉ હર્લી અને બોબ બેહનેકને શનિવારે રાત્રે આંતરરાષ્ટ્રીય સ્પેસ સેન્ટરથી પૃથ્વી માટે રવાના થયા હતા અને એક દિવસ કરતા પણ ઓછા સમયમાં પૃથ્વી પર પહોંચ્યા હતા. કંપનીના કામકાજને નિયંત્રિત કરનારાઓએ કહ્યું, પૃથ્વી પર આપનું સ્વાગત છે અને સ્પેસ એક્સ ઉડાન બદલ આભાર. નાસા દ્વારા કહેવામાં આવ્યું છે કે ડ્રેગન નામની કેપ્સ્યુલનું નામ ક્રૂ દ્વારા ડ્રેગન એન્ડેવર રાખવામાં આવ્યું છે,

જે પૃથ્વીની ભ્રમણકક્ષાથી પૃથ્વી તરફ ૨૮ હજાર કિમી પ્રતિ કલાકની ઝડપે આવ્યું હતું અને ૫૬૦ કિમી પ્રતિ કલાકની ઝડપે વાયુમંડળમાં પ્રવેશ્યું હતું અને અંતે મેક્સિકોના અખાતમાં ૨૪ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ઉતર્યુ. આ સમય દરમ્યાન વાયુમંડળમાં ઘર્ષણને કારણે કેપ્સ્યુલનું બાહ્ય સપાટીનું તાપમાન ૧૯૦૦ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચ્યું હતું. પૃથ્વી પર પાછા ફરતા, કેપ્સ્યુલ પર ૪ થી ૫ ગણા વધુ ગુરુત્વાકર્ષણ બળ મહેસૂસ કરાયું. સ્પેસએક્સએ અગાઉ કહ્યું હતું છે કે આ જહાજ અડધા કલાકમાં સમુદ્રની કેપ્સ્યુલની નજીક પહોંચશે અને તેમને બહાર કાઢવા માટે વધુ સમય લેશે. ફ્લાઈટ સર્જન સૌથી પહેલા કેપ્સ્યુલનું નિરીક્ષણ કરશે. ત્યારબાદ કેપ્સ્યુલ ખોલવામાં આવશે અને અવકાશયાત્રીઓની તબીબી તપાસ કરવામાં આવશે અને તે પછી હ્યુસ્ટનમાં તેમના ઘરે જશે. સ્પેસએક્સના ડ્રેગન કેપ્સ્યુલ સમુદ્રમાં પડ્યા પછી સ્પેસએક્સનું વહાણ ૪૦ કર્મચારીઓ સાથે તૈનાત હતું,જેમાં ડોકટરો, નર્સો વગેરે હતા, તેમને બહાર કાઢવામાં કોરોના મહામારીમાં અવકાશયાત્રીઓની સલામતીને ધ્યાનમાં રાખીને જહાજ પર સવાર તમામ ૪૦ ક્રૂને ૧૪ દિવસ માટે ફરજ પર મોકલતા પહેલા તેમને ક્વોરેન્ટાઇનમાં રાખવામાં આવ્યા હતા અને તેમની કોવિડ -૧૯ તપાસ કરાઇ હતી. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પણ મેક્સિકોના અખાતમાં સ્પેસ એક્સ કેપ્સ્યુલના સફળ ઉતરાણ પછી ટ્વીટ કર્યું. તેમણે લખ્યું, 'અવકાશયાત્રીઓએ ૪૫ વર્ષમાં પહેલું સ્પ્લેશડાઉન પૂર્ણ કર્યું છે. તે ખૂબ જ રોમાંચક છે.' તેમણે પોતાની ટ્વિટમાં નાસાનો એક વીડિયો પણ પોસ્ટ કર્યો છે.

# ૭ ઓક્ટોબરે દુનિયાનું સૌથી ઝડપી વિમાન બૂમ સુપરસોનિક ઓવરટયુર લોન્ચ થશે

ન્યુ દિલ્હી,તા.૦૩

અમેરિકાના કોલોરાડા સ્થિત બૂમ સુપરસોનિક કંપની બ્રિટિશ એવિયેશન જાયન્ટ રોલ્સ રોયસની સાથે મળીને વિશ્વનું એક એવું સૌથી ઝડપી વિમાન બનાવી રહી છે જે અવાજની ગતિ કરતાં બમણી ઝડપ એટલે કે ૫૧૮૦ માઈલ્સની ઝડપે ઊડી શકશે. વિશ્વના સૌથી ઝડપી વિમાનને ઓવરટયુર નામ અપાયું છે અને હાલમાં કોલોરાડામાં તેનું કામકાજ ચાલી રહ્યું છે. રોલ્સ રોયસ ઓવરટયુરની પ્રપલ્સન સિસ્ટમ તૈયાર કરશે. હાલમાં લંડનથી ન્યૂયોર્ક જવામાં લગભગ સાત કલાકનો સમય લાગે છે પરંતુ ૫૧૮૦ માઈલ્સની ઝડપે ઉડનાર ઓવરટયુર તેના અડધા સમયમાં એટલે કે સાડા ત્રણ કલાકની અંદર ન્યૂયોર્ક પહોંચાડી દેશે.બૂમ સુપરસોનિકનું આ વિમાન પ્રવાસી વિમાની છે અને તેને માટે કંપનીને ગતા વર્ષે લગભગ ૧૦૦ મિલિયન ડોલરનું રોકાણ મળ્યું હતું. બૂમના ફાઉન્ડર બ્લેક સ્કોલ જણાવે છે કે હાલમાં ઓવરટયુરના નિર્માણ માટે રોલ્સ રોયસ અને બૂમ સાથે મળીને કામકાજ કરી રહ્યાં છે. આ સંપૂર્ણપણે પેસેન્જર વિમાન છે અને લંડનથી ન્યૂયોર્ક જવાનું ભાડું લગભગ ૨,૦૦૦ ડોલર હશે. ૫૫ બેઠકો ધરાવતું આ વિમાનની દુનિયાભરમાં ફ્લાઈટ ચલાવવામાં આવશે.વર્જન ગ્રૂપ અને જાપાની એરલાઈન્સે તો ૩૦ જેટનો ઓર્ડર પણ આપી દીધો છે. ત્રણ એન્જિન ધરાવતા આ વિમાન સોનિક બૂમ હશે એટલે કે કોક્રોર્ડ વિમાન કરતાં ત્રણ ગણો ઓછો અવાજ ધરાવશે. અવાજની ગતિ કરતાં ઓછી ગતિએ દોડતા સબસોનિક વિમાનો જેટલો તેનો અવાજ હશે. ૨૦૦૦ જેટલા સુપરસોનિક પ્રવાસી વિમાનોનો કાફલો દુનિયાના તમામ મોટા શહેરોને એકબીજા સાથે જોડી દેશે અને ૭ ઓક્ટોબરે તેને લોન્ચ કરવાનો કંપનીનો પ્લાન છે.

### એલએસી પરની બેઠકમાં ભારતે ચીનને ચોખ્ખુ કહ્યુ ઘર્ષણવાળી તમામ જગ્યાઓ પરથી તમારા સૈનિકોને પાછળ ખસેડો

ન્યુ દિલ્હી,તા.૦૩

પૂર્વ લદ્દાખમાં ભારત અને ચીનના મધ્યમાં ચાલી રહેલા તણાવની વચ્ચેના રોજ બંને દેશોના ટોચના કમાન્ડરોની વચ્ચે પાંચમા રાઉન્ડની બેઠક થઈ. સૈન્ય કમાન્ડર સ્તરની આ વાતચીત અંદાજે ૧૧ કલાક સુધી ચાલી. આ દરમ્યાન ભારતે એલઈસી પર ઘર્ષણવાળી તમામ જગ્યાઓ પરથી ચીનને પોતાના સૈનિકોને પાછળ કરવા માટે કહ્યું છે. તણાવ ઓછો કરવા માટે બંને દેશોની વચ્ચે કૂટનીતિક અને સૈન્ય બંને સ્તર પર વાતચીત કરી રહ્યા છે. અધિકારીઓના મતે આ બેઠક એલઈસી પર ચીનની તરફથી મોલદોમાં બપોરે ૧૧ વાગ્યાથી શરૂ થયેલી અને રાત્રે ૧૦ વાગ્યા સુધી ચાલુ રહી. બંને પક્ષ કૂટનીતિક અને સૈન્ય વાર્તામાં લાગી છે. ભારતીય સેના પૂર્વ લદ્દાખના તમામ મુખ્ય ક્ષેત્રોમાં કડકડતી ઠંડીના મહિનાઓમાં સરહદ રેખા પર પોતાની હાલની તાકાત બનાવી રાખવા માટે પૂરતી તૈયારી કરી રહ્યું છે. તેમણે કહ્યું કે બેઠક દરમ્યાન ભારતીય પક્ષે ઝડપથી ચીની સૈનિકોને સંપૂર્ણપણે હટાવા માટે જોર આપ્યું છે .

### ચીનથી ભાગેલા વૈજ્ઞાનિકનો દાવો

# કોરોના વાયરસને ચીનના મિલિટ્રી લેબમાં બનાવ્યો હતો

ન્યુ દિલ્હી,તા.૦૩

ચીન પ્રશાસિત હોંગકોંગથી ભાગીને અમેરિકા પહોંચેલા હોંગકોંગ સ્કૂલ ઓફ પબ્લિક હેલ્થના સિનિયર વાયરોલોજીસ્ટ ડૉ.લી મેંગ યાને દાવો કર્યો છે કે કોરોના વાયરસને ચીનના મિલિટ્રી લેબમાં બનાવ્યો હતો. તેમણે આ ખતરનાક વાયરસની ચીનના વેટ માર્કેટમાંથી ઉત્પત્તિ સંબંધિત ધારણાઓને નકારી દીધી હતી. તેમના દાવાનો ચીને સ્પષ્ટ ઈક્રાર કર્યો છે. તાઈવાની સમાચાર એજન્સી લ્યૂડ પ્રેસની સાથે એક લાઈવ-સ્ટ્રીમ ઈન્ટરવ્યુ દરમ્યાન ડૉ.લી મેંગ યાને કહ્યું કે જ્યારે આ મહામારી ફેલાવાનું શરૂ થયું ત્યારે મેં સ્પષ્ટપણે મૂલ્યાંકન કર્યું હતું કે આ વાયરસ ચીની કોમ્યુનિસ્ટ પાર્ટીની એક સૈન્ય લેબોરેટરીમાંથી આવ્યો હતો. તેને છુપાવા માટે વુહાન માર્કેટની વાર્તા બનાવામાં આવી છે. ડૉ.લી મેંગ યાને દાવો કર્યો કે જ્યારે તેમને આ માહિતી વરિષ્ઠ અધિકારીઓને આપી ત્યારે તેમણે તેને ગંભીરતાથી ના લેતા નજરઅંદાજ કરી દીધી. તેમણેદાવો કર્યો કે ચીની કોમ્યુનિસ્ટ પાર્ટી માટે તેમના રિપોર્ટને નકારી દેવો મુશ્કેલ હશે. તેમણે કહ્યું કે અમને પહેલેથી જ ખબર હતી કે ચીની કોમ્યુનિસ્ટ પાર્ટીની વિરૂદ્ધ બોલ્યા બાદ અમને ગમે ત્યારે ગાયબ કરી શકે છે. ઠીક એવું જ હોંગકોંગમાં લોકતંત્ર સમર્થક પ્રદર્શનકારીઓની સાથે થઇ રહ્યું છે.

આથી મેં તમામ માહિતીઓને એકત્રિત કરવાનું શરૂ કરી દીધું. વાયરોલોજિસ્ટ ડૉ.લી મેંગ યાન એપ્રિલમાં હોંગકોંગથી અમેરિકા આવી ગયા હતા. તેમને ચીની રાષ્ટ્રીય સુરક્ષા કાયદાની અંતર્ગત પોતાની ધરપકડ થવાનો ડર સતાવી રહ્યો હતો. તેમણે કહ્યું કે તેઓ ચીની સરકારને ઉખાડી ફેંકવા માટે ત્યાંના લોકોની મદદ ચાલુ રાખશે.

# વડાપ્રધાન, ગૃહમંત્રી શાહ, રાહુલ ગાંધી સમેત નેતાઓએ રક્ષાબંધનની શુભેચ્છા પાઠવી

ન્યુ દિલ્હી,તા.૦૩

દેશભરમાં આજે રક્ષાબંધનનો તહેવાર ખૂબજ ધામધૂમથી મનવાઈ રહ્યો છે. ભાઈબહેનના પવિત્ર તહેવાર પર લોકો એકબીજાને શુભકામના પાઠવી રહ્યા છે. આ પ્રવાહમાં કોંગ્રેસના નેતા રાહુલગાંધીએ પણ દેશવાસીઓને રક્ષાબંધનના તહેવાર નિમિત્તો શુભકામના પાઠવી છે. સાથે જ તેમણે પોતાની બહેન પ્રિયંકાગાંધી સાથેનો ફોટો શેર કર્યો છે. રક્ષાબંધન તહેવાર પર તમામ ભાઈબહેનોને એકબીજાને અભિનંદન,પ્યાર અને આશીર્વાદ આપી રહ્યા છે. આ પ્રસંગે રાહુલ ગાંધીએ પણ ટ્વિટર પર દેશવાસીઓને રક્ષાબંધનની શુભકામના પાઠવી છે. સાથે જ એક ફોટો શેર કર્યો છે. જેમાં પ્રિયંકા ગાંધી અને રાહુલગાંધી એકબીજાના ગળે મળી રહ્યા છે.

રાહુલ ગાંધીએ ટ્વિટ કરતા લખ્યું કે આપ તમામને રક્ષાબંધનની શુભકામનાઓ. સાથે પ્રિયંકા ગાંધી સાથેની ખૂબજ સુંદર ફોટો પણ શેર કર્યો છે. આ ફોટો ૧૯ જૂન ૨૦૧૯ના રાહુલગાંધીના જન્મદિવસ પર ક્લિક કરેલો છે.

ફોટામાં પ્રિયંકા જન્મદિવસની શુભકામના પાઠવવા પહોંચી હતી. બંને ભાઈબહેનમાં અતૂટ પ્રેમ છે. આ વાતની કેટલાક ફોટો દ્વારા વ્યક્ત થઈ ચૂક્યો છે. લોકસભા ચૂંટણી દરમિયાન પણ એક ફોટો આવ્યો હતો જેમાં બંને ભાઈ બહેન એક બીજા પ્રત્યે પ્રેમ અને સન્માન દેખાડતા હતા.રાહુલ ગાંધી સિવાય પ્રધાનમંત્રી નરેન્દ્રમોદીએ પણ દેશવાસીઓને રક્ષાબંધનની શુભકામનાઓ પાઠવી છે. મોદીએ ટ્વિટ કરતાં લખ્યું, રક્ષાબંધનના પાવન પર્વ પર સમસ્ત દેશવાસીઓને ખૂબ ખૂબ શુભકામનાઓ.ત્યા કોરોના પોઝીટીવ ગૃહમંત્રી અમિતશાહે પણ દેશવાસીઓને રક્ષાબંધનની શુભકામના પાઠવી છે. રવિવારે અમિતશાહને કોરોના પોઝીટીવ આવ્યા બાદ તેઓ હોસ્પિટલમાં ભર્તિ થઈ ગયા છે. તેમણે ટ્વિટ કરીને લખ્યું કે કોરોનાના શરૂઆતી લક્ષણો દેખાવા પર મેં ટેસ્ટ કરાવ્યો અનેરિપોર્ટ પોઝીટીવ આવતાં ડોક્ટરની સલાહ મુજબ હોસ્પિટલમાં દાખલ થઈ ગયો છું. મારો અનુરોધ છે કે આપમાંથી કોઈ મારા સંપર્કમાં આવ્યા હોય તેઓ પોતે સ્વયં આઈસોલેટ થઈને પોતાને તપાસ કરાવી લે.

INEOS STYROLUTION

**INEOS STYROLUTION INDIA LIMITED**

**CIN :** L25200GJ1973PLC002436

**Regd. Office:** 5th Floor, OHM House - II, OHM Business Park, Subhanpura, Vadodara - 390 023, Gujarat. **Tel. :** +91 (265) 2303201 **Fax :** +91 (265) 2303203

**E mail :** INSTY.secshare@ineos.com | **Website :** www.ineosstyrolutionindia.com

**NOTICE**

In compliance with provisions of Regulation 47, read with Regulation 29, of the SEBI (Listing Obligation and Disclosure Requirements) Regulations, 2015,notice is hereby given that a meeting of Board of Directors of the Company will be held on **Thursday, August 13, 2020,** to inter-alia, approve the unaudited financial results of the Company for the first quarter ended on June 30, 2020.

The said notice is also available on the website of the Company at www.ineosstyrolutionindia.com as well as on the websites of Stock Exchanges at www.bseindia.com and www.nseindia.com, where the equity shares of the Company are listed.

By order of the Board
**For INEOS Styrolution India Limited**
Sd/-
**Abhijaat Sinha**
Head - Legal & Company Secretary

**Date: August 04, 2020**
**Place: Vadodara**